Extra No. 254

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, JULY 9, 2025 / ASADHA 18, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો ::

File No. KHD/MSG/e-file/450/2025/1917/MAG BRANCH.-ઉત્તરસંડા-નડીઆદ રોડ (SH-150) પર ROB LC-269, હાઈસ્પીડ રેલ્વે ની આણંદ મેઈનટેનસ ડેપો લાઈન ખાતે Girder Erection પ્રવૃત્તિ શરૂ કરવાની હોય, જેથી સદર માર્ગ ઉપર થી પસાર થતા વાહન વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા ટ્રાફિકને વૈકલ્પિક માર્ગ ઉપર ડાઈવર્ટ કરતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા Contractor's Representative, MAHSR C6 Package, Larsen & Toubro, Vadodara, Gujarat તા.૧૩/૦૬/૨૦૨૫ના પત્રથી અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે અત્રેથી પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓ પાસે ઉકત કામે જરૂરી તપાસ કરી અહેવાલ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓના પત્ર ક્રમાંક:એલઆઈબી/ જાહેરનામું/ઉત્તરસંડા/૮૩૯/૨૦૨૫, તા.૩૦/૦૬/૨૦૨૫ થી અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદના અભિપ્રાય મુજબ નીચે દર્શાવેલ પોઈન્ટ-A મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન-વ્યવહારની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-B મુજબના વૈકલ્પિક જાહેરમાર્ગો ઉપર થઈ જણાવ્યા મુજબના વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ રહે તે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અહેવાલ રજૂ કરેલ છે. Contractor's Representative, Larsen & Toubro, Vadodara, Gujarat ની દરખાસ્ત ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા. ૧૧/૦૭/૨૦૨૫ થી તા.૨૯/૦૮/૨૦૨૫ સુધી નીચેના જાહેર માર્ગો ઉપર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો:-

1. એન.એચ-૪૮ રોડ (જુના ને.હા.નં.૮) નરસંડા ચોકડી રોડ બ્રિજ થી ઉત્તરસંડા ગામ તરફ રેલ્વે ઓવરબ્રિજ થઈ ઉત્તરસંડા ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર.

2. ઉત્તરસંડા ચોકડી થી રેલ્વે ઓવરબ્રિજ થઈ એન.એચ-૪૮ રોડ (જુના ને.હા.નં.૮) નરસંડા ચોકડી રોડ બ્રિજ તરફ જતો તમામ વાહન વ્યવહાર.

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1. એન.એચ-૪૮ રોડ (જુના ને.હા.નં.૮) નરસંડા ચોકડી રોડ બ્રિજ થી ઉત્તરસંડા ગામ તરફ રેલ્વે ઓવરબ્રિજ થઈ ઉત્તરસંડા ચોકડી તરફ જતો તમામ વાહન વ્યવહાર.

    - એન.એચ-૪૮ રોડ (જુના ને.હા.નં.૮) નરસંડા ચોકડી હાઈવે રોડ થી આણંદ-વડોદરા તરફ ભુમેલ, કણજરી ચોકડી થઈ ઉત્તરસંડા ચોકડી, આણંદ, ચકલાસી, નડીયાદ તરફ જઈ શકાશે.

2. ઉત્તરસંડા ચોકડી થી રેલ્વે ઓવરબ્રિજ થઈ એન.એચ-૪૮ રોડ (જુના ને.હા.નં.૮) નરસંડા ચોકડી રોડ બ્રિજ તરફ જતો તમામ વાહન વ્યવહાર.
    - ઉત્તરસંડા ચોકડી થી ભુમેલ, કણજરી ચોકડી હાઈવે થઈ અમદાવાદ તરફ નરસંડા ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.
    - ઉત્તરસંડા ગામ થી નાના વાહનો ઉત્તરસંડા રેલ્વે સ્ટેશન ફાટક થઈ સદહનશાહ પીર દરગાહ, ગુતાલ ચોકડી એન.એચ-૪૮ રોડ (જુના ને.હા.નં.૮) નરસંડા ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા Larsen Toubro Limited, Construction Transportation Infrastructure, Vadodara દ્વારા સ્થાનિક પોલીસ સાથે સંકલનમાં રહી કરવાથી રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા નડીઆદ, તા.૪થી જુલાઈ, ૨૦૨૫.

જે. બી. દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.28 17:27:50 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara